ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# દહેગામમાં કૃષિ વીજ જોડાણ માટે ૨૮૨૭ અરજીઓ મળી

## કલોલમાં લઘુત્તમ વેતનધારા ભંગની ૮૦ ફરિયાદો

ગાંધીનગર, તા. ૪

ગુજરાત સરકારે અનુ. જાતિના અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના આવેલ સરકારી છાત્રાલયોમાં બાળકોના શિક્ષણ માટે અપાતી સહાયમાં નોંધપાત્ર વધારો કર્યો છે. જે અગાઉની સરકારોમાં હતી તેના કરતાં ઘણો મોટો વધારો છે તેમ રાજ્યના સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ કોંગીના શ્રી બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

તેમણે કલોલ તાલુકામાં ચાલતા અનુ.જાતિના અને સા.શૈ. પછાત વર્ગના છાત્રાલયો અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું કે કલોલ તાલુકામાં ૧૧ છાત્રાલયો હાલ કાર્યરત છે.

મંત્રીશ્રી વોરાએ જણાવ્યું હતુ કે આ છાત્રાલયોમાં વર્ષ-૨૦૧૧-૧૨ દરમ્યાન ૩૩૧ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો જેમાં સરકારના

**વિધાનસભામાં ગાંધીનગર**

પ્રોત્સાહનમાં વધારો થતાં પ્રવેશ મેળનાર બાળકોની સંખ્યામાં પણ ૨૦૧૨૦૧૩ના વર્ષ દરમ્યાન વધારો તયો છે. ૨૦૧૨-૧૩માં ૪૧૨ વિદ્યાર્થીઓ હાલ આ છાત્રાલયોમાં છે.

આ છાત્રાલયોને વર્ષ-૨૦૧૧-૧૨માં રૂ. ૨૧,૭૨,૮૩૦ની સહાય ચુકવવામાં આવી હતી જયારે ૨૦૧૨-૧૩માં આ સહાય રૂ. ૨૭,૮૪,૬૦૧ની સહાય ચુકવવામાં આવી છે.

**● હરિશચંદ્ર મરણોત્તર સહાયના કેસ**

ગાંધીનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ મળેલી અરજીઓ અંગે ભાજપના શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે કે જિલ્લામાં કુલ ૧૬૦ અરજીઓ આ યોજનાનો લાભ મેળવવા માટે તંત્રને મળી હતી.

જેમાં ગાંધીનગર તાલુકામાંથી ૪૨, કલોલમાંથી ૬૬, માણસામાંથી ૨૬, દહેગામમાંથી ૨૬ અરજીોનો સમાવેશ થાય છે.

મળેલ આ ૧૬૦ અરજીઓ પૈકી ૧૫૬ અરજીઓને તંત્રએ ગ્રાહ્ય રાખી અને ૩,૯૦,૦૦૦ ની સહાય ચુકવી આપવામાં આવી છે. હાલ તંત્ર પાસે આ યોજનાની એક પણ અરજી પડતર નથી.

**● દહેગામમાં કૃષિ વીજ જોડાણો**

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ દહેગામ તાલુકામાં કૃષિ વીજ કનેકશનોની છેલ્લા એક વર્ષમાં મળેલી અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીશ્રીએ જણાવ્યુ છે કે છેલ્લા એક વર્ષમાં ૨૮૨૭ અરજીઓ મળી છે.

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે અગાઉ નોંધાયેલ અરજીઓની કાર્યવાહી હાથ પર હોવાથી નવી અરજીઓ પરત્વે વીજ જોડાણની કાર્યવાહી હવે પછી હાથ ધરવામાં આવશે. જો કે આ અંગે સમયમર્યાદા આપવાનો ઈન્કાર કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ક્રમાનુસાર શક્ય તેટલા ઝડપથી વીજજોડાણ આપવાનું આયોજન છે.

**● લીઝ ધારકોની ગેરરીતિ**

કોંગીના શ્રી અમીત ચૌધરીએ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કયા પ્રકારની જમીનોમાં કેવા પ્રકારના કેટલા ટન ઉતખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ખાણ ખનીજ મંત્રીશ્રીએ જણાવ્યું કે છેલ્લા બે વર્ષણાં મુખ્ય ખનિજની કોઈ લીઝ મંજૂર કરવામાં આવી નથી.

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૧માં વિવાદાસ્પદ ત્રિકોણીયા કેબીનો હટાવાઈ



(તસવીર : દિપક જાની)

## ગેરકાયદેસર અસ્તિત્વ ધરાવતા ૨૮ થી વધુ દબાણો દૂર કરાયા

ગાંધીનગર, તા. ૪

શહેરમાં સે. ૨૧ સ્થિત મુખ્ય શોપીંગ સેન્ટરના વિસ્તારમાં આજે દબાણતંત્ર ત્રાટક્યું હતું. સેક્ટરમાં સ્થિત ચર્ચની નજીક ગેરકાયદેસર અસ્તિત્વ ધરાવતી ત્રિકોણીયા કેબીનો દૂર કરવામાં આવી હતી. દબાણતંત્રને ટીમે સેક્ટરમાંથી ૨૮ થી વધુ લારી-ગલ્લાના દબાણો દૂર કર્યા હતા.

શહેરમાં હાથ ધરાતા અનેકવિધ વિકાસકામોની વચ્ચે ગંદકી અને દબાણની સમસ્યા દિન-પ્રતિદિન વિકરાળ બનતી જાય છે. સેક્ટરોમાં વધતા લારી-ગલ્લાના દબાણોના લીધે આમ નાગરિકો માટે અનેક સમસ્યાઓ મંડરાઈ છે જ્યારે તંત્ર દ્વારા લાખોના ખર્ચે તૈયાર કરાયેલા પાર્કીંગ પ્લેસ ઉપર પણ લારી-ગલ્લાના દબાણો અસ્તિત્વમાં આવતા ટ્રાફિક અને વાહન પાર્કિંગને લગતી બાબતો સ્થાનિક નાગરિકો માટે શિરદર્દ ઉભો કર્યો છે. શહેરના મુખ્ય શોપીંગ સેન્ટર સે. ૨૧માં પણ છેલ્લા ગણા સમયથી વધતા દબાણોના લીધે વેપારીઓ અને મુલાકાતીઓને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. મુખ્ય શોપીંગ સેન્ટરને દબાણમુક્ત કરવાની માંગ પ્રબળ બની છે. આવા સંજોગોમાં આજે દબાણતંત્રની ટીમે આજે સે. ૨૧માં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી. આ દરમિયાન તંત્રની પરવાનગી વગર સ્થળ પર ઉભા કરાયેલા દબાણો દૂર કરાયા હતા. દબાણતંત્રના જણાવ્યા મુજબ ચર્ચ નજીકના વિસ્તારમાં સ્થિત ગેરકાયદેસર ત્રિકોણીયા કેબીનો પણ દૂર કરી દેવાઈ છે. ગેરકાયદેસર કેબીનો તંત્રએ કબજે લીધી છે. દબાણને લઈ લાંબા સમયથી વિવાદનું કારણ બનેલી આ કેબીનો આખરે તંત્ર દ્વારા દૂર હટાવવામાં આવી છે. દબાણ હટાવ ઝૂંબેશ દરમિયાન ૨૮થી વધુ લારી ગલ્લાના દબાણો દૂર કરાયા છે. જો કે શોપીંગના માર્કેટ ઉપરાંત પાર્કીંગ સ્થળ પર અસ્તિત્વ ધરાવતા દબાણો દૂર કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# જન્મ અને મૃત્યુદર બંનેમાં સ્ત્રીઓ પાછળ

## ગાંધીનગરમાં સ્ત્રીઓ જન્મે છે પણ ઓછી અને મૃત્યુ પણ ઓછી પામે છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં રહેતી મહિલાઓ પુરૂષો કરતાં વધુ સ્વસ્થ અને લાંબુ જીવન જીવે છે. જન્મ અને મૃત્યુદરના આંકડાઓ પરથી એ વાત ફલીત થઈ છે કે ગાંધીનગરમાં સ્ત્રી જન્મદર ઓછો છે સાથે જ સ્ત્રી મૃત્યુ દર પણ ઓછો છે.

ગાંધીનગરનું હરિયાળુ અને સ્વચ્છ વાતાવરણ આયુષ્યને વધુને વધુ લાંબુ કરવામાં સહાય કરે છે. જો કે અહીંનું વાતાવરણ મહિલાઓને વધુ ફળ્યું હોય તેમ લાગે છે. શહેરમાં પુરૂષો કરતા સ્ત્રીઓનો મૃત્યુદર ખુબ ઓછો છે. છેલ્લા કેટલાક વર્ષોથી મૃત્યુ દર ઘટતો જાય છે અને આયુષ્ય વધ્યુ છે. તેની સામે જન્મદર સતત વધતો જાય છે.

છેલ્લા કેટલાક વર્ષોના આંકડાઓ એ વાતની પુષ્ટિ કરી રહ્યા છે કે સ્ત્રીઓ લાંબુ જીવન જીવે છે. સતત કામ અને ચિંતાના ભારણ હેઠળ રહેતી મહિલાઓ મન પર તેનો ભાર લેતી નથી. ભલે સ્ત્રીઓ અવારનવાર લાગણીશીલ થઈ રડી પડે પરંતુ તેનાથી તેમની ચિંતાઓનો ભાર હળવો થાય છે અને તેમને સ્વસ્થ અને લાંબુ જીવન મળે છે. તબીબી પરીક્ષણમાં પણ એ વાત પુરવાર થઈ છે કે પુરૂષો તેમના ટેન્શનનને મન પર રાખે છે. પરીણામે તેઓ જાતભાતના રોગોનો શિકાર બને છે. અને મૃત્યુ પણ વહેલા પામે છે. પુરૂષોનું સરેરાશ આયુષ્ય સ્ત્રીઓના પ્રમાણમાં ઓછુ છે. ગાંધીનગરની વાત કરીએ તો વર્ષ-૨૦૧૨માં ૬૮૩ પુરૂષોઅવસાન પામ્યા હતા તેની સામે માત્ર ૪૧૬ સ્ત્રીઓનું મૃત્યુ થયું હતું. જો કે જન્મદરમાં પણ સ્ત્રીઓની સંખ્યા ઓછી હોવી તે ચિંતાનો વિષય છે. ગર્ભ પરીક્ષણ પર પ્રતિબંધ હોવા છતાં સ્ત્રીઓનો જન્મ દર પુરૂષ જન્મ દર કરતાં ઓછો હોવાને કારણે સામાજીક અસમતોલન ઉભું થયું છે.

**● ગાંધીનગરમાં સ્ત્રી-પુરૂષ - મૃત્યુ દર**

| જાતિ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પુરૂષ | ૪૯૬ | ૩૭૬ | ૬૪૮ | ૫૫૫ | ૬૮૭ | ૬૩૩ | ૬૦૯ | ૭૦૫ | ૬૮૩ |
| સ્ત્રી | ૩૧૬ | ૨૮૮ | ૩૮૬ | ૪૪૦ | ૪૪૭ | ૪૦૬ | ૪૮૧ | ૪૪૧ | ૪૧૬ |
| કુલ | ૮૧૨ | ૬૬૪ | ૧૦૩૪ | ૯૯૫ | ૧૧૩૪ | ૧૦૩૯ | ૧૦૯૦ | ૧૧૪૬ | ૧૦૯૯ |

**● ગાંધીનગરમાં સ્ત્રી-પુરૂષ - જન્મદર**

| જાતિ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પુરૂષ | ૨૯૦૯ | ૩૧૩૨ | - | ૩૦૧૦ | ૩૩૫૨ | ૩૪૦૫ | ૩૪૧૫ | ૩૬૧૨ | ૩૬૬૩ |
| સ્ત્રી | ૨૨૩૮ | ૨૩૭૩ | - | ૨૫૬૩ | ૨૭૭૨ | ૨૮૦૫ | ૨૯૬૭ | ૩૦૧૭ | ૩૧૮૩ |
| કુલ | ૫૧૪૭ | ૫૫૦૫ | - | ૫૫૭૩ | ૬૧૨૪ | ૬૩૧૦ | ૬૩૮૨ | ૬૬૨૯ | ૬૮૪૬ |

## વર્ષ-૨૦૧૨માં ૩,૬૬૩ પુરુષ જન્મ સામે ૩૧૮૩ સ્ત્રી જન્મ નોંધાયા, જ્યારે ૬૮૩ પુરુષ મૃત્યુ સામે ૪૧૬ સ્ત્રી મૃત્યુ નોંધાયા



### સાંભળ્યુ છે કે...

.... ગાંધીનગરના પૂર્વ ડી.એસ.પી. જી.એલ. સિંઘલ સરકારમાંથી રાજીનામુ આપી સિસ્ટમ સામે લડવા તત્પર બન્યા છે...


.... ગાંધીનગરના ચાર થી પાંચ દારૂના બંધાણીઓ મહેમદાવાદ પાસેના ગામમાં જઈ જમણા હાથે ખીલા મરાવી આવ્યા.

.... કલ્પતરૂના ડાયરેક્ટર કમલકિશોર જૈન વિશાળ મિત્ર સમુદાય સાથે ૯મીએ મહુડી પગપાળા જઈ રહ્યા છે.

....નાયબ મામલતદાર વિનોદ તન્નાની ડાયરી પ્રકરણે ખાસ્સી 'ચર્ચા' અને 'ચિંતા' જગાવી છે.

....ગાંધીનગરમાં સોમવારની સવારે થયેલા બે અકસ્માતોને જ્યોતિષશાસ્ત્રીઓ મંગળ બદલાતાં થયાનું જણાવી રહ્યા છે...

**શ્રદ્ધાંજલિ**







સ્વ. ગાંડાભાઈ હીરાલાલ પટેલ
પૂર્વ વાઈસ ચેરમેનશ્રી
તા. ૨૯/૧૦/૯૦ થી
તા. ૫/૧૦/૯૩ સુધી


સ્વ. અંબાલાલ ચતુરદાસ પટેલ
પૂર્વ માનદ્ મંત્રીશ્રી
તા. ૫/૧૦/૯૯ થી
તા. ૭/૮/૦૨ સુધી

સ્વ. રાવજીભાઈ સોમાભાઈ પટેલ
પૂર્વ ડીરેક્ટરશ્રી
સને ૧૯૯૯-૨૦૦૦ થી
સને ૨૦૧૧-૨૦૦૨ સુધી

આપના દુ:ખદ અવસાનથી ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના હોદ્દેદારો અને બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ ઉંડા શોકની લાગણી અનુભવે છે. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રભુ પ્રાર્થના...

દશરથભાઈ સી. અમીન — ઉપાધ્યક્ષ
કોદરભાઈ આર. પટેલ — અધ્યક્ષ
નવિનભાઈ જે. પટેલ — માનદ્ મંત્રી
બેચરભાઈ જી. ચૌધરી — માનદ્ મંત્રી
વીસાભાઈ સી. પટેલ — એકઝીક્યુટીવ ઓફિસર
તથા બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ
ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ, ગાંધીનગર

# કલ્પતરૂ ખાતે રાષ્ટ્રીય સુરક્ષા દિવસની ઉજવણી



(તસવીર : દિપક જાની)

## તમારાં બન્ને હાથ ત્યારે જ વધુ પ્રોડકશન આપે જયારે એ તમારા શરીર સાથે જોડાયેલાં હોય

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની મોભાદાર કંપની કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી. દ્વારા એના સે-૨૮ અને સે-૨૫ એમ બંને પ્લાન્ટમાં ૪૨માં રાષ્ટ્રીય સુરક્ષા દિવસની ઉજવણી સાથે સેફિટ સપ્તાહની શરૂઆત કરાવી હતી.

કલ્પતરૂ સેફિટ વિભાગના વડા શ્રી વિંગ કમાન્ડર રાકેશકુમાર પરાશરે એમની ટીમ સાથે સેફિટ વીક અગાઉ જ વિવિધ પ્રતિયોગીતાઓ યોજી હતી. સ્લોગન, કવિતા, પોસ્ટર્સ, લેખિત, ક્વિઝ, ઑન લાઈન ક્વિઝ અને લાઈન ક્વિઝ જેવી સ્પર્ધામાં ઉત્સાહભેર કંપનીના કામદાર અને સ્ટાફ મિત્રો જોડાયાં હતાં.

આજે સવારે ખુલ્લાં મુકાયેલાં સેફિટ વીકમાં મુખ્ય અતિથિ તરીકે ઈન્ડસ્ટ્રીયલ હેલ્થ એન્ડ સેફિટ વિભાગનાં ડેપ્યુટી ડાયરેકટર શ્રી એચ.બી. ત્રિવેદીએ ખાસ ઉપસ્થિત રહી એમણે સુરક્ષા વિશેની અત્યંત રસપ્રદ માહિતી આપી હતી. આ પ્રસંગે કંપનીના શ્રી વિનોદ રાદડીયા, શ્રી જી.એન. વેકરીયા, શ્રી મહેન્દ્ર પટેલ અને વિંગ કમાન્ડર રાકેશકુમાર પરાસરે વર્કરોમાં સેફિટ કલ્ચર બને એ માટેના પ્રયત્નોને બિરદાવ્યા હતાં.

કંપનીના વિવિધ વિભાગોના શ્રેષ્ઠ સેફિટ પર્સનને એવોર્ડથી સન્માનાયા હતાં. દરેક સ્પર્ધાના વિજેતાઓને ખાસ ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું રસાળ સંચાલન કરતા કેતન નિર્મલે વિજેતાઓનાં શ્લોગન અને કવિતાઓ વાંચી સંભળાવતા તાળીઓનો ગડગડાટ થયો હતો.

સુરક્ષા સપ્તાહ અંતર્ગત ૧૩મી માર્ચે કલ્પતરૂ પરિવારની મહિલાઓ માટે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન હાથ ધરાયું છે. સુરક્ષા માટેનાં આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સૌરીન ખંભાટા, જીગર જોષી, રવિ શર્મા અને સંજય મોઢે કરેલી મહેનત ઉડીને આંખે વળગે એવી હતી. પોસ્ટર કોમ્પીટીશનમાં સ્ટાફના બાળકોએ બનાવેલાં પોસ્ટરો સૌનું આકર્ષણ બન્યા હતાં. વિવિધ સ્લોગનો અને વિશિષ્ટ કાર્યક્રમોથી સુરક્ષાનું મુલ્ય સમજાય અને સુખી અને સુરક્ષિત કલ્પતરૂ કંપની બની રહે એ માટેના ઉદાત પ્રયત્નો સરાહનીય બન્યાં છે.

# પાણી-ગટરવેરા માટે પાંચ કાઉન્ટર શરૂ

ગાંધીનગર, તા.૪

શહેરમાં પાણી-ગટર વેરા અન્વયે વર્ષ ૨૦૧૩-૧૪ની એડવાન્સ વસુલાત કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સે-૧ થી ૩૦ તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં અંદાજિત ૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી વેરા પેટે રૂ. ૧.૬૦ કરોડનું માંગણું વસુલવા તંત્ર દ્વારા વિવિધ ૫ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. જો કે કેટલાક સેકટરોમાં રહીશોને હજુ પાણી-ગટર વેરાના બીલ પહોંચ્યા ન હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે.

શહેરમાં પાણી-ગટરની પાયાની સુવિધાને અનુલક્ષી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પ્રતિવર્ષ જવાબદારી ખાનગી એજન્સીને સોંપવામાં આવી હતી. જેના અંતે ગત તા. ૧ માર્ચથી વેરા વસુલાત ઝુંબેશ શરુ કરી દેવાઈ છે. વેરા વસુલાત ક્ષેત્રે અંદાજિત રૂ. ૧.૫૦ કરોડના બાકી

## ૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી ૧.૫૦ કરોડ વસુલવા ઝુંબેશ શરૂ

પાણીની જરૂરિયાત સંતોષવા કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે જયારે પાણી-ગટરની વેરા વસુલાત ભરપાઈ કરવામાં નગરજનો દ્વારા ઉદાસીનતા સેવાઈ રહ્યું હોવાનું પણ ધ્યાને આવ્યું છે. પાણી-ગટરની વસુલાત ક્ષેત્રે જૂના માંગણાની રકમ પણ મોટી છે. પરંતુ તંત્ર જૂની વસુલાત નિપટાવવા હજુ સુધી કોઈ અસરકારક પગલા લઈ શકયું નથી. વર્ષ ૨૦૧૩-૧૪ની એડવાન્સ વસુલાતની ઝુંબેશ હાથ ધરી દેવાઈ છે. તંત્ર દ્વારા બિલ વિતરણની માંગણા સામે બિલની રકમ સ્વીકારવા માટે વિવિધ પાંચ સ્થળોએ કેન્દ્રો શરુ કરી દેવાયા છે. જેમાં જૂના સે-૧૪થી ૩૦ માટે સે-૨૪, સે-૨૨ની ઈન્કવાયરી કચેરી તેમજ સે-૧૬માં પાટનગર યોજના ભવન સ્થિત સબ ડીવીઝન-૯ અને ૧૦માં વેરાની રકમ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત નવા સે-૧ થી ૧૩ માટે સે-૩ ડ્રેનેજ ઈન્કવાયરી તેમજ પાટનગર યોજના ભવનના ડીવીઝન-૧૮માં પણ કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
C. PVC, UPVC

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com